ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કરેલ કોર્સ તથા પોલીટેકનીકમાં કરેલ ત્રણ વર્ષના ડીપ્લોમા કોર્સને સરકારી નોકરી માટે ધોરણ-૧૦ તથા ૧૨ સમકક્ષ ગણવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ રવભ-૧૦૨૦૧૧-યુ.ઓ.૧૯૦.ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫ . ૦૫ .૨૦૧૨

S. J. & E. DEPTT.
334637
IWDMS No.

વંચાણે લીધાઃ

૧. શિક્ષણ વિભાગના તા. ૨.૬.૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક મશબ-૧૨૧૧-૫૯૦-છ
૨. ગુજરાત જાહેર સેવા આયોગના તા.૨૭.૩.૨૦૧૨ ના પત્ર ક્રમાંક સમક-ટકન-૨૦૧૧-૩૬૧૭-ઇ

## ઠ રા વઃ-

શિક્ષણને રોજગારલક્ષી બનાવવા આઇ.ટી.આઇ તથા પોલીટેકનિકમાં અપાતા કૌશલ્યવર્ધન શિક્ષણને વધુ ઉત્તેજન આપવાના હેતુથી તેમજ કૌશલ્ય તાલીમ અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે સેતુ બંધાય તે હેતુથી રાજયની ઔધોગિક તાલીમ સંસ્થાઓ ( I.T.I ) તેમજ પોલીટેકનીક કોલેજોના માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમોને સરકારી નોકરી તેમજ શૈક્ષણિક હેતુસર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની સમકક્ષ ગણવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ પૈકી શિક્ષણ વિભાગ દવારા વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા. ૨.૬.૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક મશબ-૧૨૧૧-૫૯૦-છ થી આ પ્રકારના અભ્યાસક્રમોને શૈક્ષણિક હેતુસર ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ ની સમકક્ષ ગણવાના હુકમો કરવામાં આવેલ છે. હવે આ અભ્યાસક્રમોને સરકારી નોકરી માટે પણ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સમકક્ષ ગણવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

(૧) જે ઉમેદવારોએ ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (I.T.I.) નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (N.C.V.T.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (G.C.V.T.) ની પરીક્ષા પાસ કરેલ હોય તથા જો તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

શ્રી રાવલ
૨૮/૫/૨૦૧૨

શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો, તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૦ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવાના રહેશે.

(૨) જે ઉમેદવારોએ ધોરણ-૧૦ પાસ કર્યા પછી આઇ.ટી.આઇ. નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (N.C.V.T.) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (G.C.V.T.) ની પરીક્ષા પાસ કરેલ હોય અને તેઓએ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૨ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવાના રહેશે.

(૩) જે ઉમેદવારોએ ધોરણ-૧૦ પછી પોલીટેકનીકમાં ૩ વર્ષનો ડિપ્લોમા કોર્સ કરેલ હોય તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૨ ની લાયકાત ધરાવતા હોવાના ગણવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે.એમ.જોષી

(જે.એમ.જોષી)

ઉપસચિવ

સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ

માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.

માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓ ના અંગત સચિવશ્રીઓ.

માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ, ગાંધીનગર

ડાયરેકટર જનરલશ્રી સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા અમદાવાદ.

સચિવાલયના સર્વે વિભાગો.

સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ તેમની હેઠળના કચેરીના વડાઓને મોકલી કર્મચારીઓના ધ્યાન પર લાવવાની વિનંતી સાથે)

સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ

સીલેકટ ફાઇલ

----- -----------------------------------------------------------------------

* પત્ર દવારા

ક્રમાંકઃ પરચ-૧૦-૨૦૧૨-૩૩૪૬૩૭-ચ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૪/૬/૨૦૧૨

**નકલ રવાના જાણ અર્થેઃ-**

વિભાગના સર્વે અધિક/નાયબ/ઉપ સચિવશ્રીઓ
વિભાગની સર્વે શાખા
સિલેકટ ફાઇલ

જમાલુદ્દીન એ. સૈયદ
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ગુજરાત સરકાર